એશિયન પેરા ગેમ્સ

પહેલા દિવસે ચાર ગોલ્ડ સહિત 11 મેડલ જીતી ભારતની પ્રભાવક શરૂઆત

શૂટિંગમાં મોના અગ્રવાલે ગોલ્ડ, અવનિ લેખરાએ સિલ્વર જીત્યો, ભાલા ફેંકમાં રિન્કુ અને અજીતે ગોલ્ડ અને સિલ્વર જીત્યા

પહેલીવાર ઇન્ટરનેશનલ લોન્ગ જમ્પ ઇવેન્ટમાં ભાગ લેનારા નિષાદ કુમારે 7.11 મીટરના જમ્પ સાથે ગોલ્ડ મેડલ જીત્યો

આર્મલેસ તિરંદાજ શીતલ દેવીએ ક્વોલિફિકેશન રાઉન્ડમાં વર્લ્ડ રેકોર્ડની બરાબરી કરી, મિક્ષ્ડ ટીમ ઇવેન્ટમાં નવો રેકોર્ડ બનાવ્યો

નાગોયા, તા. 19 (પીટીઆઈ) : એશિયન પેરા ગેમ્સમાં ભારતે આજે સોમવારે પહેલા દિવસે શાનદાર શરૂઆત કરી, શૂટર મોના અગ્રવાલ અને લૉંગ જમ્પર નિષાદ કુમાર જેવા અનુભવી ખેલાડીઓના જોરદાર પ્રદર્શનને કારણે ચાર ગોલ્ડ, પાંચ સિલ્વર અને બે બ્રોન્ઝ સહિત કુલ 11 મેડલ જીતીને મેડલ ટેલિમાં ચોથા સ્થાને રહ્યું હતું. આર્મલેસ તીરંદાજ શીતલ દેવીએ પણ શાનદાર પ્રદર્શન કર્યું, મહિલા કમ્પાઉન્ડ ઈવેન્ટના ક્વોલિફિકેશન રાઉન્ડમાં વર્લ્ડ રેકોર્ડની બરાબરી કરી. ત્યારબાદ તેણે તોમન કુમાર સાથે મળીને મિક્ષ્ડ ટીમ ઈવેન્ટમાં નવો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો.

શરૂઆતમાં મોનાએ મહિલાઓની 10 મીટર એર રાઈફલ SH1 ઈવેન્ટની ફાઈનલમાં શાનદાર વાપસી કરીને ગોલ્ડ મેડલ જીત્યો. પેરિસ 2024 પેરાલિમ્પિક્સ બ્રોન્ઝ મેડલિસ્ટ મોનાએ છઠ્ઠા સ્થાનેથી 250.0 પોઈન્ટના એશિયન પેરા ગેમ્સ રેકોર્ડ સાથે પ્રથમ સ્થાન મેળવ્યું, બે વખતની પેરાલિમ્પિક્સ ચેમ્પિયન અવનીને માત્ર 0.4 પોઈન્ટથી પાછળ છોડી હતી. ડિફેન્ડિંગ ચેમ્પિયન તરીકે પ્રવેશેલી અવનીએ 249.6 પોઈન્ટ સાથે સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો.

સાંજના સેશનમાં પેરા-એથ્લેટિક્સ એથ્લેટ્સનો દબદબો રહ્યો. બે વખતના પેરાલિમ્પિક્સ સિલ્વર મેડલિસ્ટ નિષાદ કુમાર, મધ્યમ અંતરની દોડવીર સૌમ્યા અને ભાલા ફેંક એથ્લેટ રિંકુએ પોતપોતાની ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યા હતા. કેરિયરમાં પહેલીવાર ઈન્ટરનેશનલ લોંગ જમ્પમાં ભાગ લેનારા નિષાદે 7.11 મીટરના જમ્પ લગાવી ગોલ્ડ જીત્યો હતો. મહિલાઓની 1500 મીટર T12-T13 સ્પર્ધામાં, દૃષ્ટિહીન સૌમ્યાએ 5:12.39 સેકન્ડના વ્યક્તિગત શ્રેષ્ઠ સમય સાથે ગોલ્ડ મેડલ જીત્યો. ભારતની જ રાધા વેંકટેશે 5:30.90 સેકન્ડના સમય સાથે સિલ્વર મેડલ જીત્યો. ભારતની રાવન્ની વાલાસાનેનીએ T11 કેટગરીમાં બ્રોન્ઝ મેડલ જીત્યો. પુરુષોની ભાલા ફેંક F46 ઈવેન્ટમાં ભારતનો દબદબો રહ્યો. રિંકુ અને અજીત સિંહે અનુક્રમે 65.11 મીટર અને 65.02 મીટર ફેંકીને ગોલ્ડ અને સિલ્વર મેડલ જીત્યા. બંને ભારતીય ખેલાડીઓએ સિઝનનું શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું.

કાર્તિક બુડિગીનાએ સ્વિમિંગમાં સિલ્વર જીત્યો

ભારતના રવિ કાર્તિક બુડિગીનાએ પુરુષોની 100 મીટર ફ્રીસ્ટાઇલ S13 ઇવેન્ટમાં 56.68 સેકન્ડના સમય સાથે સિલ્વર મેડલ જીત્યો, જે ઓછી દ્રષ્ટિની ક્ષતિ ધરાવતા ખેલાડીઓ માટે છે.

જુડોમાં કોકિલાએ સિલ્વર કપિલે બ્રોન્ઝ જીત્યો

ભારતના દૃષ્ટિહીન જુડો ખેલાડીઓએ બે મેડલ જીત્યા, જેમાં કોકિલાએ મહિલાઓની J2-52 કિગ્રા શ્રેણીમાં સિલ્વર મેડલ જીત્યો જ્યારે કપિલ પરમારે પુરુષોની J1-70 કિગ્રા શ્રેણીમાં બ્રોન્ઝ મેડલ જીત્યો. હાંગઝોઉ એશિયન પેરા ગેમ્સમાં બ્રોન્ઝ મેડલિસ્ટ કોકિલા ફાઇનલમાં કિર્ગિસ્તાનની આઈબાઇક ઉલાનબેક કૈજી સામે હારી હતી. ગયા એશિયન પેરા ગેમ્સમાં સિલ્વર મેડલ જીતનાર કપિલ સેમિફાઇનલમાં ઇન્ડોનેશિયાના જુનેડી સામે 0-1થી હાર્યા પછી બ્રોન્ઝ મેડલ મેચમાં અન્ય એક ઇન્ડોનેશિયન, અહનાફ રાફલી શિદકી સામે ઇપ્પોન સાથે 1-0થી જીત મેળવી.

એશિયન પેરા ગેમ્સ ટેબલટેનિસ : પ્રાચી, સોનલ, ભાવીનાના મેડલ પાકા

નાગોયા, 19 ઓક્ટોબર (પીટીઆઇ) : પેરાલિમ્પિક્સ સિલ્વર મેડલિસ્ટ ભાવીના પટેલ સહિત ત્રણ ભારતીય ટેબલ ટેનિસ ખેલાડીઓએ આજે સોમવારે અહીં એશિયન પેરા ગેમ્સના સેમી ફાઇનલમાં પ્રવેશ કરીને ત્રણ અલગ અલગ કેટેગરીમાં દેશ માટે મેડલ સુનિશ્ચિત કર્યા હતા. પ્રાચી પાંડેએ મહિલા કેટેગરી છમાં થાઇલેન્ડની કનોક્પોર્ન ફાથુમચાઈને 11-5, 11-4, 11-13, 12-10થી હરાવીને, સોનલબેને કેટેગરી ત્રણમાં થાઇલેન્ડની દારાત અસાયુતને 3-1 (11-7, 8-11, 11-5, 11-5)થી હરાવીને જ્યારે ભાવિનાએ કેટેગરી ચાર-પાંચમાં ચીનની ઝાંગ મિયાઓને 3-1 (8-11, 11-6, 11-1, 11-6)થી હરાવીને સેમી ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

એશિયન પેરા ગેમ્સ બેડમિન્ટન : નિતેશ-તુલસીમતી જોડીનો મિક્ષ્ડ ડબલ્સમાં મેડલ પાકો

નાગોયા, તા. 19 (પીટીઆઇ) : ભારતીય જોડી નિતેશ કુમાર અને તુલસિમતી મુરુગેસને આજે સોમવારે અહીં એશિયન પેરા ગેમ્સ બેડમિન્ટન સ્પર્ધાના મિક્ષ્ડ ડબલ્સ SL3-SU5 ગ્રુપ B ઇવેન્ટની સેમી ફાઇનલમાં પ્રવેશ કરીને મેડલ નિશ્ચિત કર્યો હતો. ભારતીય જોડીને પહેલી મેચમાં ચીનના યાંગ જિયાનયુઆન અને યાંગ કિયુક્સિયા તરફથી વોકઓવર મળ્યો હતો. ત્યારબાદ તેમણે ચીનના ચેન પેંગફેઈ અને હુઆંગ ઝિક્સુઆનને માત્ર 23 મિનિટમાં 21-4, 21-18 થી હરાવીને ગ્રુપ રેન્કિંગમાં ટોચનું સ્થાન મેળવ્યું. પેરિસ પેરાલિમ્પિક્સ ચેમ્પિયન નીતેશે મેન્સ સિંગલ્સ SL3 કેટેગરીના ગ્રુપ Aમાં દક્ષિણ કોરિયાના જુ ડોંગજેને 21-13, 21-15થી હરાવીને સરળ જીત નોંધાવી. રુથિક રઘુપતિએ પુરુષોની સિંગલ્સ SU5 ગ્રુપ C મેચમાં થાઇલેન્ડના સોમસિરી પ્રિચાને 21-12, 21-12થી હરાવીને ભારતની જીતનો સિલસિલો ચાલુ રાખ્યો.

રમેશ પોવાર રાષ્ટ્રીય પસંદગીકાર બન્યો, ઓઝા અધ્યક્ષપદે યથાવત

વસીમ જાફર, સલિલ અંકોલા, જેકોબ માર્ટિન પણ રેસમાં હતા છતાં બે ટેસ્ટ રમનારા પવારની પસંદગી થઇ

પુરુષ સિનિયર ટીમની પસંદગી સમિતિમાં પ્રજ્ઞાન ઓઝા સીનિયોરિટીના આધારે અધ્યક્ષ તરીકે કાર્યરત રહેશે

બેંગલુરુ, તા. 19 (પીટીઆઇ) : ભારતના માજી સ્પિનર રમેશ પવારની ભારતીય પુરુષ ક્રિકેટ ટીમની સિનિયર સિલેક્શન કમિટીમાં પસંદગી કરવામાં આવી છે. માજી ટેસ્ટ ક્રિકેટર અજીત અગરકરનો કાર્યકાળ તા. 4 ઓક્ટોબરના રોજ પૂર્ણ થયા બાદ, સિનિયોરિટીના આધારે માજી સ્પિનર પ્રજ્ઞાન ઓઝાને પસંદગી સમિતિના ચેરમેન તરીકે યથાવત રાખવામાં આવ્યા છે.

અશોક મલ્હોત્રા અને જતિન પરાંજપેની ક્રિકેટ એડવાઈઝરી કમિટી (સીએસી) દ્વારા પવારના નામની સર્વાનુમતે ભલામણ કરવામાં આવી હતી. આ માટે તા. 15 ઓક્ટોબરના રોજ મુંબઇ ખાતે ઈન્ટરવ્યુ યોજાયા હતા, જેમાં વસીમ જાફર, સલિલ અંકોલા, જેકોબ માર્ટિન અને કોનર વિલિયમ્સ પણ રેસમાં હતા. જોકે, વર્ષ 2027ના વન-ડે વર્લ્ડકપ સુધી સાતત્ય જળવાઈ રહે તે હેતુથી 48 વર્ષીય પવારની પસંદગી કરવામાં આવી છે. પવારે ભારત તરફથી 2 ટેસ્ટ અને 31 વન-ડે રમી છે. આ ઉપરાંત તે ભારતીય મહિલા ટીમના મુખ્ય કોચ તથા મુંબઇ અને ગુજરાત ટીમના કોચ પણ રહી ચૂક્યો છે. તેના કોચિંગ હેઠળ ભારતીય મહિલા ટીમે 2022નો એશિયા કપ અને કોમનવેલ્થ ગેમ્સમાં સિલ્વર મેડલ જીત્યો હતો. મુંબઇ તરફથી રમીને તેણે 148 ફર્સ્ટ ક્લાસ મેચમાં 470 વિકેટ ઝડપી છે અને 4245 રન પણ બનાવ્યા છે.

નવી પસંદગી સિમિતિ

પ્રજ્ઞાન ઓઝા (અધ્યક્ષ), શિવ સુંદર દાસ, આરપી સિંહ, અજય રાત્રા, રમેશ પવાર.

ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં 400 રન બનાવનાર ચિન્મય સુતાર બીજો ભારતીય બન્યો

રણજી ટ્રોફી પ્લેટ ગ્રુપમાં મિઝોરમ વતી રમતા ચિન્મયે નાગાલેન્ડ સામે 400 રનની નોટઆઉટ ઇનિંગ રમી, વિશ્વનો દસમો બેટ્સમેન બન્યો

સોવિમા, તા. 19 (પીટીઆઈ) : મિઝોરમના ચિન્મય સુતારે આજે સોમવારે ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં 400 રન બનાવનાર બીજો ભારતીય બેટ્સમેન બનીને ઈતિહાસ રચ્યો હતો. સુતારે અહીં નાગાલેન્ડ સામેની રણજી ટ્રોફી પ્લેટ ગ્રુપ મેચના બીજા દિવસે આ દુર્લભ સિદ્ધિ હાંસલ કરી હતી. આ સિદ્ધિ મેળવનારો તે વિશ્વનો દસમો બેટ્સમેન બન્યો હતો. બ્રાયન લારા અને બિલ પોન્સફોર્ડ આ સિદ્ધિ બે વાર મેળવી ચૂક્યા છે.

ભારત વતી આ આ સિદ્ધિ મેળવનારા પ્રથમ બેટ્સમેન ભાઉસાહેબ બાબાસાહેબ નિમ્બાલકર હતા, જેમણે 1948માં મહારાષ્ટ્ર તરફથી રમતી વખતે કાઠિયાવાડ સામે નોટઆઉટ 443 રન બનાવ્યા હતા.

મુંબઈ માટે વિજય હજારે ટ્રોફી રમી ચુકેલા સુતાર મિઝોરમ વતી રમેલી આ નોટઆઉટ ઈનિંગમાં 517 બોલનો સામનો કર્યો, જેમાં 46 ચોગ્ગા અને સાત છગ્ગા ફટકાર્યા. મિઝોરમે પોતાનો પહેલો દાવ નવ વિકેટે 581 રન પર ડિકલેર કર્યો. જ્યારે સુતાર ૨૩૧ રને ક્રિઝ પર હતો ત્યારે અંતિમ બેટ્સમેન લાલરેમ્પુઈયા છકછુઆક તેની સાથે ક્રીઝ પર જોડાયો. તે સમયે મિઝોરમનો સ્કોર 392 હતો. સુતારે તેની સાથે દસમી વિકેટ માટે 189 રનની ભાગીદારી કરી જેમાં તેનું યોગદાન 169 રનનું હતું. લાલરેમ્પુઈયા 14 રન બનાવી નોટઆઉટ રહ્યો હતો. ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં એક જ ઈનિંગમાં સૌથી વધુ રન બનાવવાનો રેકોર્ડ વેસ્ટ ઈન્ડીઝના દિગ્ગજ લારાના નામે છે, જેણે 1994માં ડરહામ સામે વોરવિકશર માટે નોટઆઉટ 501 રન બનાવ્યા હતા.

ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં સર્વાધિક સ્કોર કરનારા બેટ્સમેન

ખેલાડી	ટીમ	હરીફ	સ્કોર	વર્ષ
બ્રાયન લારા	વોરવિકશર	ડરહમ	501*	1994
હનીફ મોહમ્મદ	કરાચી	બહાવલપુર	499	1959
ડોન બ્રેડમેન	ન્યૂ સાઉથ વેલ્સ	ક્વિન્સલેન્ડ	452*	1930
ભાઉસાહેબ નિંબાલકર	મહારાષ્ટ્ર	કાઠિયાવાડ	443*	1948
બિલ પોન્સફોર્ડ	વિક્ટોરિયા	ક્વિન્સલેન્ડ	437	1927
બિલ પોન્સફોર્ડ	વિક્ટોરિયા	તાસ્માનિયા	429	1923
આફતાબ બલોચ	સિંધ	બલુચિસ્તાન	428	1974
આર્ચી મેક્લારેન	લેન્કેશર	સમરસેટ	424	1895
સેમ નોર્થઈસ્ટ	ગ્લેમોર્ગન	લેન્કેશર	410*	2022
ગ્રીમ હિક	વર્શેસ્ટરશર	સમરસેટ	405*	1988
બ્રાયન લારા	વેસ્ટઇન્ડિઝ	ઈંગ્લેન્ડ	400*	2004
ચિન્મય સુતાર	મિઝોરમ	નાગાલેન્ડ	400*	2026

રણજી ટ્રોફી રાઉન્ડ અપ

ગુજરાત સામે દિલ્હીએ 648 રનનો મજબૂત સ્કોર બનાવ્યો

નવી દિલ્હી : અહીંના પાલમ બી ગ્રાઉન્ડ પર રમાઇ રહેલી રણજી ટ્રોફી ગ્રુપ સીની એક મેચમાં બેટ્સમેનોનું વર્ચસ્વ રહ્યું હતું. રવિવારે કેપ્ટન આયુષ બદોનીની બેવડી સદી અને પ્રિયાંશ આર્યના 199 રનની મદદથી દિલ્હીએ ગ્રુપ લીડર ગુજરાત સામે છ વિકેટે 648 રનના સ્કોરે પોતાનો પહેલો દાવ ડિક્લેર કર્યો હતો, જેની સામે આજ બીજા દિવસની રમતના અંતે ગુજરાતે 35 ઓવરમાં 2 વિકેટે 98 રન બનાવ્યા હતા, અને હજુ પણ 550 રન પાછળ છે. દિલ્હી વતી બદોનીએ 246 બોલમાં 217 રન ફટકાર્યા, સુમિત માથુરે 92 રન બનાવ્યા જ્યારે અનુજ રાવત 61 બોલમાં અણનમ 61 રન બનાવ્યા હતા.

મનવંતની સદી અને બોલરોના જોરે કર્ણાટકે સૌરાષ્ટ્ર પર સકંજો કસ્યો

બેંગલુરુ : રણજી ટ્રોફી ગ્રુપ બી મેચના આજે સોમવારે બીજા દિવસે મનવંત કુમારની પ્રથમ ફર્સ્ટ ક્લાસ સદી બાદ ર્ણાટકના બોલરોએ અહીં સૌરાષ્ટ્રના ટોચના ક્રમને લથડાવીને સકંજો કસ્યો હતો. મનવંતના 214 બોલમાં 135 રનની મદદથી કર્ણાટકે 342 રનનો સ્કોર બનાવ્યો હતો. તે પછી બોલરોની ઉમદા ભૂમિકાથી બીજા દિવસની રમતના અંતે સૌરાષ્ટ્રનો સ્કોર ચાર વિકેટે 164 રન હતો અને તેઓ હજુ પણ 178 રન પાછળ છે.

બરોડાએ પ્રિયાંશુ મોલિયાની સદીની મદદથી બિહાર પર સરસાઇ મેળવી

વડોદરા : રણજી ટ્રોફી ગ્રુપ એની અહીં રમાતી એક મેચમાં બરોડાએ બિહારનો પહેલા દાવમાં 166 રનમાં વિંટો વાળ્યા પછી પ્રિયાંશુ મોલિયાની સદી તેમજ મહેશ પિઠિયા અને દીપક હુડાની અર્ધસદીઓની મદદથી 416 રનનો મજબૂત સ્કોર બનાવીને પ્રથમ દાવની 250 રનની મજબૂત સરસાઇ મેળવી લીધી હતી. બીજા દિવસની રમતના અંતે બિહારે વિના વિકેટે ચાર રન બનાવ્યા હતા અને તેઓ બરોડાના સ્કોરથી હજુ 246 રન પાછળ છે.

કિલિયન એમ્બાપેના શાનદાર પ્રદર્શનથી રિયલ મેડ્રિડે સેવિલાને 4-1થી હરાવ્યું

બ્રાઇટનની ક્રિસ્ટલ પેલેસ સામેની જીતમાં ડિએગો ગોમેઝનો હાફવે લાઇન પરથી કરેલો ગોલ હાઇલાઇટ સમાન

મેડ્રિડ, તા. 19 : વિનિસિયસ જૂનિયરની ગેરહાજરી છતાં કિલિયન એમબાપેના શાનદાર ગોલ અને પેનલ્ટીની મદદથી રિયલ મેડ્રિડે સેવિલાને 4-1થી પરાજય આપ્યો હતો. આ જીત સાથે મેડ્રિડ સ્પેનિશ લીગમાં ત્રીજા સ્થાને પહોંચી ગયું છે.

મેચમાં આર્ડા ગુલરે 30મી મિનિટે રિયલ મેડ્રિડને સરસાઈ અપાવી હતી, જે બાદ 37મી મિનિટે એમબાપેએ આકર્ષક ગોલ કર્યો હતો અને 63મી મિનિટે પેનલ્ટીને ગોલમાં ફેરવી હતી. સેવિલા માટે મનુ બ્યુનોએ એક ગોલ નોંધાવ્યો હતો, પરંતુ યાન ડિઓમાન્ડેએ 82મી મિનિટે ગોલ કરીને રિયલ મેડ્રિડની જીત પાકી કરી હતી. અન્ય લીગ મેચોમાં, પ્રીમિયર લીગમાં બ્રાઈટને ક્રિસ્ટલ પેલેસને 5-0થી હરાવ્યું હતું, જેમાં પેરાગ્વેના ડિએગો ગોમેઝે હાફવે લાઈન પાસેથી 50 મીટર દૂરથી સનસનાટીભર્યો ગોલ નોંધાવ્યો હતો. આર્સેનલે નોટિંગહામ ફોરેસ્ટને 1-0થી હરાવ્યું હતું, જ્યારે માન્ચેસ્ટર યુનાઈટેડ અને લીડ્સ વચ્ચેની મેચ 1-1થી ડ્રો રહી હતી. ઈટાલીની સિરી એ માં એસી મિલાને અટાલાન્ટાને 3-2થી હરાવી ચોથું સ્થાન મેળવ્યું હતું, જ્યારે લાઝીઓએ યુવેન્ટસને 3-0થી પરાજય આપ્યો હતો. ફ્રેંચ લીગમાં મોનાકોને લોરિએન્ટ સામે 1-0થી સિઝનની પ્રથમ હારનો સામનો કરવો પડ્યો હતો. જર્મનીની બુન્ડેસલીગામાં બાયર લેવરકુસેને ફ્રાઈબર્ગને 2-1થી હરાવ્યું હતું.

પ્રીમિયર લીગમાં ડિએગોએ હાફવે લાઇન પરથી ગોલ કરી બેકહામની યાદ તાજી કરી

બ્રાઇટન, તા. 19 : ઈંગ્લિશ પ્રીમિયર લીગમાં બ્રાઇટનના મિડફિલ્ડર ડિએગો ગોમેઝે ક્રિસ્ટલ પેલેસ સામેની મેચની 7મી મિનિટે હાફવે લાઇન પાસેથી 50 મીટર દૂરથી ગોલકીપર વોલ્ટર બેનિટેઝના માથા પરથી બોલ પસાર કરીને સનસનાટીભર્યો ગોલ નોંધાવ્યો હતો. પેરાગ્વેના આ ઇન્ટરનેશનલ ખેલાડીના આ ગોલે 1996-97ની સીઝનમાં વિમ્બલડન સામે મેન્ચેસ્ટર યુનાઇટેડ તરફથી રમીને ડેવિડ બેકહામે ફટકારેલા યાદગાર ગોલની સ્મૃતિઓ તાજી કરી દીધી હતી. ગોમેઝના આ યાદગાર ગોલની મદદથી બ્રાઇટને પોતાના કટ્ટર હરીફ સામે 2-0ની લીડ મેળવી લીધી હતી અને ત્યારબાદ ટીમ 5-0થી વિજેતા બની હતી.

લા લિગામાં રેફરીના નિર્ણયો અને ટેબાસ સાથે મેડ્રિડનો ઘર્ષણ વધ્યું

મેડ્રિડ, તા. 19 : રિયલ મેડ્રિડની વધુ એક મેચ બાદ રેફરીના નિર્ણયોને લઈને નવો વિવાદ ઊભો થયો છે. સ્પેનિશ લીગ લા લિગામાં રિયલ મેડ્રિડ સામે 4-1થી હાર્યા બાદ સેવિલા ટીમે ગંભીર નારાજગી વ્યક્ત કરી હતી. સેવિલાનો આક્ષેપ છે કે મેચ દરમિયાન પ્રતિસ્પર્ધી ખેલાડીને કોણી મારવા છતાં રિયલ મેડ્રિડના મિડફિલ્ડર આર્ડા ગુલેરને રેડ કાર્ડ આપવામાં આવ્યું ન હતું. આ ઘટનાના થોડી જ મિનિટો બાદ ગુલેરે ગોલ કર્યો હતો. સેવિલાના કોચ લુઇસ ગાર્સિયા પ્લાઝાએ વીએઆર તકનીકની કામગીરી સામે સવાલો ઉઠાવ્યા હતા. બીજી તરફ, રિયલ મેડ્રિડ અને સ્પેનિશ લીગના પ્રમુખ જાવિયર ટેબાસ વચ્ચેનો વિવાદ પણ વધુ ઘેરો બન્યો છે.

એલિના સ્વિતોલિનાએ ગેલ મોનફિલ્સ સાથેના લગ્નનો અંત કર્યો

લાંબી ઇન્સ્ટાગ્રામ પોસ્ટમાં સ્વિતોલિનાએ પુત્રી સ્કાય બંનેની પહેલી પ્રાથમિકતા રહેવાની પણ વાત કરી

પેરિસ, તા. 19 (એપી) : સાથી ટેનિસ ખેલાડી ગેલ મોનફિલ્સ સાથેના લગ્નનો અંત લાવી દીધો હોવાની એલિના સ્વિટોલીનાએ સોમવારે જાહેરાત કરી હતી. વિશ્વની છઠ્ઠી ક્રમાંકિત યુક્રેનિયન ખેલાડી સ્વિતોલીનાએ એક ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં કહ્યું હતું કે આ શેર કરવાનો મારા માટે સૌથી મુશ્કેલ નિર્ણય છે.

સ્વિતોલીનાએ તેના દેશમાં યુદ્ધની તેના સ્વાસ્થ્ય પર પડેલી ભાવનાત્મક અસર વિશે વાત કરી. તેણે એ પણ શેર કર્યું કે જ્યારે તેણે ટેનિસમાંથી સ્વસ્થ થવા માટે વિરામ લીધો ત્યારે મોનફિલ્સે તેને કેવી રીતે મદદ કરી.

તેણે કહ્યું પરંતુ કેટલીક લડાઈઓ તમે તમારી અંદર લડો છો અને કોઈ બીજાના પ્રેમથી જીતી શકતા નથી. સમય જતાં, મને સમજાયું કે મારે મારો પોતાનો રસ્તો બનાવવો પડશે, અને હું લગ્ન સાથે તે કરી શકુ તેમ નથી. મોનફિલ્સ અને સ્વિતોલીનાને એક પુત્રી છે. સ્વિતોલીનાએ કહ્યું, કે અમે સાથે એક સુંદર જીવન વિતાવ્યું છે અને અમને અમારી પુત્રી સ્કાયના રૂપમાં સૌથી કિંમતી ભેટ મળી છે. સ્કાય હંમેશા મારી પહેલી પ્રાથમિકતા રહેશે.

અનુસંધાન... પાના પહેલાનું

મણિપુરમાં જંગલમાં...

મૈતેઈ સમુદાયના 16 લોકો સવારે લગભગ 7 વાગ્યે જંગલમાં લાકડાં એકત્ર કરવા ગયા હતા. આ દરમિયાન ત્રાસવાદીઓ દ્વારા કરવામાં આવેલા આડેધડ ગોળીબારમાં અરુબમ રોનિલ (35) અને લૈરેનલકપામ ઈનાઓબી (51) નામના બે વ્યક્તિઓનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં, જ્યારે ક્ષેત્રિમયિમ સુશીલનું (32) એક ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું હતું. આ હુમલામાં અન્ય ત્રણ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે, જ્યારે ત્રણ અન્ય વ્યક્તિઓ હજુ પણ લાપતા હોવાનું જાણવા મળ્યું છે. મે 2023થી રાજ્યમાં ચાલી રહેલી વંશીય હિંસા અને અશાંતિ સામે રોષ વ્યક્ત કરતા પ્રદર્શનકારીઓએ મૃતદેહો સાથે મુખ્યમંત્રીના બંગ્લાને ઘેરી લીધું હતું. સ્થિતિ બેકાબૂ બનતા પોલીસે ભીડને હટાવવા માટે ટીયર ગેસના અનેક શેલ છોડ્યા હતા અને બાદમાં મૃતદેહોને જવાહરલાલ નેહરુ ઈન્સ્ટિટ્યુટ ઓફ મેડિકલ સાયન્સિસ ખાતે ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રી વાય ખેમચંદ સિંહે ઘાયલોની મુલાકાત લીધા બાદ એક ઉચ્ચસ્તરીય સુરક્ષા સમીક્ષા બેઠક યોજી હતી અને સંવેદનશીલ વિસ્તારોમાં સુરક્ષા સઘન બનાવવા કડક નિર્દેશો આપ્યા છે. ઈમ્ફાલમાં સુરક્ષા સઘન કરી દેવામાં આવી છે તથા બજારો બંધ રહ્યા છે.

અમેરિકા સાથે...

પણ તૈયાર રહેવું જોઈએ. ઈઝરાયેલી વડાપ્રધાને ભારપૂર્વક ઉમેર્યું, “બીજી બાબત એ છે કે અન્ય ગઠબંધન બનાવવા. હું અત્યારે આપણા ક્ષેત્રના અને તેની બહારના ઘણા દેશો સાથે આ જ કામ કરી રહ્યો છું. ભારત કોઈ નાનો દેશ નથી, અને તેના જેવા બીજા પણ ઘણા દેશો છે.” ઈઝરાયેલના ઘણા વિશ્લેષકોનું માનવું છે કે અમેરિકામાં ડેમોક્રેટ્સમાં ઈઝરાયેલ પ્રત્યે વધેલી નારાજગી નેતન્યાહુ દ્વારા વર્ષો દરમિયાન લેવાયેલા ખોટા નિર્ણયોનું પરિણામ છે. આગામી ચૂંટણીમાં ઈઝરાયેલના વડાપ્રધાનના મુખ્ય દાવેદાર ગાદી આઈસેનકોટે આ રજૂઆતની તીખી ટીકા કરી હતી અને તેને ગંભીર રાષ્ટ્રીય સુરક્ષા વ્યુહરચનાના બદલે એક પોકળ રાજકીય કવાયત ગણાવી હતી. જ્યારે ઈઝરાયેલી લશ્કરના એક ભૂતપૂર્વ વડાએ આક્ષેપ કર્યો છે કે નેતાન્યાહુ પોતાના લાભ માટે લોકોમાં ભય ફેલાવી રહ્યા છે.

ટાઇગર શ્રોફ...

પોલીસ (એસપી) તેજસ્વિની ગૌતમે પત્રકાર પરિષદમાં જણાવ્યું કે આ આરોપીઓમાંથી એક આરોપી લોરેન્સ બિશ્નોઇ ગેંગના કથિત સાગરીત અનિલ પંડિતના સતત સંપર્કમાં હતો. ઝડપાયેલા આરોપીઓની ઓળખ બિહારના બેગુસરાયના રિતિક ઉર્ફે રોશન અને હરિયાણાના સોનીપતના રેહાન તરીકે થઈ છે. કોટા એસપી તેમજ મુંબઈ પોલીસના ડીસીપી રાજ તિલક રોશને સ્પષ્ટ કર્યું કે ઝડપાયેલા ત્રણેય આરોપીઓમાંથી કોઈ પણ સગીર નથી. એક આરોપીની વય 18 વર્ષ અને અન્ય બે આરોપીઓની વય 22 વર્ષ છે. મુંબઈ પોલીસે ત્રણેય આરોપીઓની ધરપકડ કરી મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરીને મુંબઈ લાવવા ટ્રાન્ઝિટ રિમાન્ડ મેળવ્યા છે. મુંબઈ પોલીસ તરફથી મળેલી ચોક્કસ બાતમીના આધારે કોટા પોલીસે એન્ટી-ગેંગસ્ટર ટાસ્ક ફોર્સ અને આરપીએફ સાથે મળીને ટ્રેનના જનરલ કોચમાં 15 મિનિટનું વિશેષ ઓપરેશન હાથ ધરીને ત્રણેયને પકડી પાડ્યા હતા. પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યું છે કે ગુનો આચર્યા બાદ આરોપીઓ જયપુરથી બસ પકડી દિલ્હી અને ત્યાંથી નેપાળ ભાગી જવાની યોજના બનાવી રહ્યા હતા. આરોપીઓ પાસેથી કોઈ હથિયાર મળી આવ્યું નથી અને તેમને મુંબઈ પોલીસને સોંપવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને ઉપમુખ્યમંત્રી એકનાથ શિંદેએ ટાઇગર શ્રોફ સાથે મુલાકાત કરી પૂર્ણ સુરક્ષાની ખાતરી આપી હતી અને ગુનાહિત નેટવર્ક સામે કડક કાર્યવાહી કરવાનું વચન આપ્યું હતું. મુંબઈ ક્રાઇમ બ્રાન્ચે હત્યાના પ્રયાસનો ગુનો દી વધુ તપાસ હાથ ધરી છે.

ભારતના ઇન્ફ્રાસ્ટ્રક્ચર...

આવેલી ટનલોનો સમાવેશ થાય છે. ચીને તાજેતરના વર્ષોમાં ભારતને TBMsની નિકાસ પર નિયંત્રણો મૂક્યા છે. વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે ૨૦૨૪ માં જર્મન વાઇસ ચાન્સેલર રોબર્ટ હેબેકને જણાવ્યું હતું કે બીજિંગ ચીનમાં TBMsનું ઉત્પાદન કરતી જર્મન કંપનીને ભારતમાં નિકાસ કરવાની મંજૂરી આપી રહ્યું નથી. વાણિજ્ય મંત્રાલયની જાહેરાત અનુસાર, ચીનના નવા નિયંત્રણોમાં ‘વૉકિંગ એક્સકેવેટર્સ’ અને ‘પ્લેટો-ટાઈપ વેટ શૉટક્રિટ મશીનો’નો પણ સમાવેશ થાય છે. સોમવારની જાહેરાત હેઠળ, સંબંધિત વસ્તુઓના નિકાસકારોએ ચીનના એક્સપોર્ટ કંટ્રોલ લો અને બેવડા ઉપયોગની વસ્તુઓ પરના નિકાસ નિયંત્રણોના નિયમો અનુસાર MOFCOM પાસે લાઈસન્સ માટે અરજી કરવી પડશે. આ જાહેરાતમાં નિકાસકારોએ નિયંત્રિત વસ્તુઓની ચોક્કસ ઓળખ કરીને તેને જાહેર કરવાની તેમજ કસ્ટમ્સ ડિક્લેરેશનમાં તેમના દ્વિ-ઉપયોગી નિકાસ નિયંત્રણ કોડનો ઉલ્લેખ કરવાની પણ આવશ્યકતા છે. સરકારી મીડિયા ‘ગ્લોબલ ટાઈમ્સ’ના અહેવાલ મુજબ, જે વસ્તુઓ પર નિકાસ નિયંત્રણ લાગુ નથી પરંતુ સમાન ટેકનિકલ પાસાઓ અથવા કામગીરી ધરાવે છે, તેના માટે નિકાસકારોએ પોતાની જાહેરાતને પ્રમાણિત કરવા માટે વિગતવાર ટેકનિકલ પરિમાણો પૂરા પાડવા પડશે. જો જાહેર કરેલી માહિતીની ચોકસાઈ, પૂર્ણતા અથવા અસલિયત સામે શંકા જણાશે, તો કસ્ટમ્સ સત્તાવાળાઓ વધુ ચકાસણીની માંગ કરી શકે છે. જાહેરાતમાં જણાવ્યા અનુસાર, ચકાસણી પ્રક્રિયા દરમિયાન શિપમેન્ટ છોડવામાં આવશે નહીં.

દિલ્હી ડાયરી...

આશ્ચર્યચકિત થઈ ગયા. હૂડાએ તુરંત જ પ્રતિક્રિયા આપતાં કહ્યું, “પોલીસ કાર્યવાહી પછી હું કેમ છું તે પૂછવા માટે દીપિકાએ ફોન નથી કર્યો. રણવીર સિંહે પણ ફોન નથી કર્યો. અને પ્રકાશ પદુકોણે પણ એમનો ચહેરો પાછો માગવા માટે ફોન નથી કર્યો. છતાં–ઓલ ઈંગ્લેન્ડ બેડમિન્ટન ચેમ્પિયન તરીકે બઢતી મળવાથી ખુશ છું, હું આને સન્માન તરીકે લઉ છું.” એક્સ હેન્ડલની આ ભૂલથી આશ્ચર્યચકિત થયેલા લોકોને હૂડાના ગુસ્સે થવા કે આક્રમક જવાબો આપવાને બદલે શાંત અને સુમેળભર્યા પ્રત્યુત્તરથી હળવાશનો અનુભવ થયો.

લવ કુશ રામલીલામાં જુઅલ ઓરામનો નિષાદરાજ અવતાર

દિલ્હીના લાલ કિલ્લાના મેદાનમાં આયોજિત વાર્ષિક લવ કુશ રામલીલામાં કેન્દ્રીય આદિવાસી બાબતોના મંત્રી જુઅલ ઓરામ આકર્ષણનું કેન્દ્ર રહ્યા હતા. તેમણે રામાયણમાં આદિવાસી રાજા અને ભગવાન રામના પરમ મિત્ર નિષાદરાજ ગુહાની ભૂમિકા ભજવી હતી. ઓડિશાના સુંદરગઢ જિલ્લાના આદિવાસી નેતા ઓરામે વનવાસ દરમિયાન આદિવાસી રાજાની ભગવાન રામ સાથેની મુલાકાત દર્શાવી હતી. નાટકમાં, આદિવાસી રાજા ભગવાન રામનું સ્વાગત કરે છે, તેમનો આતિથ્ય સત્કાર કરે છે અને તેમને ભાવભીની વિદાય આપે છે. ઓરામે સ્ટેજ પર પોતાની ભક્તિ વ્યક્ત કરતા ભગવાન રામને જે રીતે આલિંગન આપ્યું, તેણે દર્શકો તરફથી ઉત્સાહભેર તાળીઓ મેળવી. મંત્રીએ (તેમની મંચ ભૂમિકામાં) આદિવાસી સમુદાયો અને ભગવાન રામ વચ્ચેના ઐતિહાસિક અને સાંસ્કૃતિક સંબંધોને રેખાંકિત કરવાનો પ્રયાસ કર્યો. આ પ્રદર્શન રાજકીય રીતે પણ મહત્વપૂર્ણ હતું, જેમાં ભારતીય જનતા પાર્ટી આદિવાસી સમુદાયોમાં પોતાની પહોંચ મજબૂત કરવા અને ભગવાન રામનો સંદેશ ફેલાવવાનો અંદાજ લગાવી રહી હતી. તો પછી આમાંથી રાજકીય લાભ શા માટે ન લેવો? ઓરામની ટીમે કોઈ પણ સમય ગુમાવ્યા વિના ભગવાન રામના પાત્ર સાથેના તેમના સંવાદના વીડિયો શેર કર્યા, જેથી આ સંદેશ વિશાળ પ્રેક્ષકો સુધી પહોંચાડવામાં મદદ મળે તેમજ દિલ્હીમાં તેમની પાર્ટી અને મોદી સરકાર–કે જેનો તેઓ એક ભાગ છે–બંનેમાં તેમનું સ્થાન મજબૂત થઈ શકે.